*The Research Analytics* ISSN (Online): 3107-6165
Volume 1, Issue 2, April-June 2025 pp. 26-32

The Research Analytics
(A Peer Reviewed and Open Access Journal)

5

# બાળકોમાં નેતૃત્વ, માર્ગદર્શન અને શૈક્ષણિક પરિવર્તનના વિકાસમાં શાસ્ત્રીય નૃત્ય ની ભૂમિકા.

કિન્નરી મહેશભાઇ ચંદે, સંસ્થા / યુનિવર્સિટી: જે. જી. યુનિવર્સિટી – અમદાવાદ
માર્ગદર્શન હેઠળ: ડૉ. ધવલ કટારીઆ

***સારાંશ***

*આ સમગ્ર પત્રકમાં ભારતીય શાસનૃત્ય ભરતનાટ્યમ (તમિલનાડુ), કથક ( ઉત્તર પ્રદેશ), કથકલી (કેરળ), કુચીપુડી (આંધ્ર પ્રદેશ ), મોહિનીઆટ્ટમ (કેરળ), ઓડીસી (ઓરિસ્સા), મણિપુરી (મણીપુર), સતરીયા (આસામ)ના અભ્યાસ દ્વારા બાળકોમાં થતા સર્વાંગી વિકાસની ચર્ચા કરવામાં આવી છે. આ શાસ્ત્રીય નૃત્યોના નિયમિત અભ્યાસથી બાળકોમાં મૂળભૂત ગુણોમાં નેતૃત્વ, માર્ગદર્શન અને શૈક્ષણિક મૂલ્યોનો વિકાસ થાય છે. આ સમગ્ર પત્રમાં વિવિધ નૃત્ય પ્રશિક્ષણ સાથે જોડાયેલા શિક્ષકો સાથેના વાર્તાલાપનો અહેવાલ પણ જોડવામાં આવ્યો છે જે આ સમગ્ર શિક્ષકને ઊંડાણપૂર્વક સમજવા મદદરૂપ કરે છે.*

***મુખ્ય શબ્દો:*** *ભારતીય શાસ્ત્રીય નૃત્ય, બાળવિકાસ, નેતૃત્વ, માર્ગદર્શન, શિસ્ત, શારીરિક આરોગ્ય, માનસિક આરોગ્ય, શૈક્ષણિક મૂલ્યો*

## ➢ વિષય પરિચય

આજના સમયમાં શાળાઓમાં બાળકોના ભણતરની સાથે સાથે તેના ઘડતરમાં પણ એટલું જ મહત્વ અને ધ્યાન આપવામાં આવે છે જેનાથી બાળક multitasking skillsનો વિકાસ પોતાની અંદર સારી રીતે કરી શકવામાં સક્ષમ બને છે. વળી, બાળકને દરેક પ્રકારનું ભણતર તથા સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું જ્ઞાન મળી રહે તે માટે વાલીઓ હર હંમેશ તત્પર રહે છે. શાળાઓમાં સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં નૃત્ય અને સંગીતનો સમાવેશ થતા બાળકો નૃત્યના શિક્ષણ વડે ભારતીય સાંસ્કૃતિક વારસાને નજીકથી અનુભવીને સમજી શકાય છે.

આ લલિત કલાઓનું પ્રશિક્ષણ શિસ્તબદ્ધતા પૂર્વક કરવામાં આવતા બાળકોના માનસિક, સ્વભાવિક અને શારીરિક વિકાસમાં પણ સકારાત્મક અને અસરકારક ફેરફારો જોવા મળે છે. જેમાં નેતૃત્વ નો ગુણાત્મક વિકાસ માર્ગદર્શન કુશળતા અને શૈક્ષણિક મૂલ્યોનો વિકાસ સફળતાથી થાય છે.

- નેતૃત્વ ગુણવત્તા – નૃત્ય વડે બાળકમાં આત્મવિશ્વાસ, નૃત્યસંયોજન અને કોઈ પણ બાબતને પોતાની રીતે સ્વ-મહેનત સાથે આગળ લઈ જવાની ક્ષમતાની કેળવણી.
- માર્ગદર્શન – શાસ્ત્રીય નૃત્યની શિક્ષા વડે બાળકમાં વિવિધ અજ્ઞાતથી જ્ઞાત બાબતોને જાણવાની ક્ષમતાનો વિકાસ.

*The Research Analytics* **ISSN (Online): 3107-6165**
**Volume 1, Issue 2, April-June 2025**

- શૈક્ષણિક મૂલ્યો – શાસ્ત્રીય નૃત્યનાં જ્ઞાનથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે બાળકમાં સંસ્કૃતિ પરત્વેની જાગૃતિ અને સમજની કેળવણી

➢ **શાસ્ત્રીયનૃત્ય એટલે શું ?**

**"શાસ્ત્રોમાંથી, શાસ્ત્રો વડે તથા શાસ્ત્રો પર આધારિત નૃત્યશૈલી એટલે શાસ્ત્રીય નૃત્યશૈલી" "જેની ઉત્પતિ, વિકાસ તથા પ્રસ્તુતિમાં શાસ્ત્રો દ્વારા નિર્ધારિત નિયમો તથા બાબતોનો સમાવેશ કરવામાં આવે છે તેને શાસ્ત્રીય નૃત્યશૈલીઓ કહેવાય છે." પ્રાચીન કાળથી જે નૃત્ય મંદિરોમાં આરાધના સ્વરૂપે કરવામાં આવતું હતું તે વિતતા સમયની સાથે થોડા થોડા ફેરફારો અનેઉમેરણીઓ સાથે આજે એક નુતન સ્વરૂપે પ્રસ્તુત છે. ભારતના 7 પ્રદેશોમાં અલગ-અલગ પ્રકારના શાસ્ત્રીય નૃત્યો વિકસ્યા છે. જે જે-તે પ્રદેશના રીત-રિવાજ, વાતાવરણ, સંગીત, આગવી ભાષાના સાહિત્ય, તેપ્રદેશોના ધાર્મિક સાહિત્યો તથા ગ્રંથોને આધાર બનાવી વિકાસ પામ્યા છે. આ શાસ્ત્રીય નૃત્યો મુખ્યત્વે ભરતમુની રચિત નાટ્યશાસ્ત્ર તથા ઋષિ નંદિકેશ્વર રચિત અભિનયદર્પણ ગ્રંથો પર આધારિત છે. જે આ નૃત્યોના મુખ્ય આધાર અને પાયારૂપ બની રહ્યાં છે.**

➢ બાળકોમાં શાસ્ત્રીય નૃત્ય શિક્ષણ દ્વારા નેતૃત્વ ગુણવત્તાનો વિકાસ

શાસ્ત્રીય નૃત્ય પ્રશિક્ષણથી બાળકોમાં સમય પાલન, જવાબદારીનું વહન, આત્મવિશ્વાસમાં વધારો, એકાગ્રતા કેળવવી, ગતિશીલ વિચારોની સાથેના દ્રષ્ટિકોણનો વિકાસ, આયોજનવૃત્તિ અને સંવેદનશીલતાનો વધારો જેવાં ગુણોનો વિકાસ થાય છે. જે બાળકને માત્ર બાહ્ય વ્યવહારમાં જ નહીં પરંતુ આંતરિક કૌશલ્યોના વિકાસમાં મદદરૂપ બની રહે છે અને આ રીતે બાળકોમાં નૃત્યના સકારાત્મક ગુણનો વિકાસ થાય છે. તાલીમ સમયે જ્યારે બાળકોને વિવિધ જૂથમાં વિભાજીત કરી બાળકને શિક્ષા આપવામાં આવે છે, ત્યારે બાળકોમાં નેતૃત્વનો ગુણ સારી રીતે વિકાસ પામી શકે છે અને તેમનાંમાં આત્મવિશ્વાસ કેળવાય છે. આમ, નૃત્ય-પ્રશિક્ષણ સમયે જો કેટલીક શૈક્ષણિક રમતો રમવામાં આવે તો બાળક નેતૃત્વના દ્રષ્ટિકોણ ખૂબ સારો રીતે વિકાસ પામે છે.

➢ બાળકોમાં નૃત્ય શિક્ષણ દ્વારા માર્ગદર્શક અને શેક્ષણિક તત્વોનો વિકાસ

સમગ્ર શાસ્ત્રીય નૃત્ય એ આપના હિન્દુ સંસ્કૃતિના ચાર વેદ – ઋગ્વેદ, યજુર્વેદ સામવેદ અને અથર્વવેદ તથા પંચમવેદ નાટ્યવેદ પર આધારિત છે. તેથી આ સમગ્ર શાસ્ત્રીય નૃત્ય-પ્રશિક્ષણ અને પ્રસ્તુતિની પદ્ધતિઓમાં પણ શાસ્ત્રોમાં દર્શાવેલ વિવિધ નિયમો, બાબતો એન પૌરાણિક કથાઓનો સમાવેશ થાય છે. જેથી બાળક પોતાના પૌરાણિક અને અમૂલ્ય વારસાને જાણી અને સમજી શકવા સક્ષમ બને છે. આમ બાળકમાં સકારાત્મક ગુણોનો વિકાસ થાય છે.

અભિનય દર્પણ ગ્રંથમાં દર્શાવવામાં આવેલા શ્લોકોની મદદથી આ સંશોધન પત્રનાં શીર્ષકને સારીરીતે સમજી શકાય છે.

- પાત્રપ્રાણ

**"નર્તકના 10 ગુણો અભિનયદાર્પણ ગ્રંથ મુજબ દર્શાવવામાં આવ્યા છે, જે નર્તકના પ્રાણ આટલે કે મૂળભૂત લક્ષણોને સમજાવે છે.** "શ્લોકમાં દર્શાવાયેલ નર્તકના 10 ગુણ આ મુજબ છે:

1. **જવઃ – ગતિમાન અને ચપળતાપૂર્વકની લાવણ્ય સાભાર નૃત્ય પ્રસ્તુતિની ક્ષમતા.**

*The Research Analytics* ISSN (Online): 3107-6165
Volume 1, Issue 2, April-June 2025

2. **સ્થિરત્વમ્ – સ્થિતપ્રજ્ઞ સ્વભાવથી કાર્ય કરવાની ક્ષમતાં**
3. **રેખા – શરીરનું એક રેખામાં સંતુલિત હોવું**
4. **ભ્રમરી – સંતુલિત રીતે ચક્ર ફરવાની ક્ષમતા**
5. **દૃષ્ટિ – આંખોના વિવિધ અર્થ સાભાર હલન ચલણ કરવાની ક્ષમતા**
6. **શ્રમઃ – અત્યંત પરિશ્રમ કરવાની ક્ષમતા**
7. **મેધા – નાનીથી નાની બાબતોને કુશળતા અને બુદ્ધિમત્તાથી સમજવાની ક્ષમતા**
8. **શ્રદ્ધા – નૃત્ય કળા પરત્વેની અત્યંત ઊંડાણ પૂર્વક ની ભાવનાઓ અને શ્રદ્ધા**
9. **વચો – સારા શબ્દો અને મધુર વાણી ધરાવવાની ક્ષમતા**
10. ગીતં – સુંદર સંગીતની સમાજ ધરાવવાની અને તેના પર અનુરૂપ ભાવ અભિવ્યક્તિ કરવાની ક્ષમતા

આમ, આ 10 પ્રાણ નૃત્યકારને પોતાની નૃત્ય કલાને જીવંત રાખવા માટે અત્યંત જરૂરી છે.

બાળક જ્યારે શાસ્ત્રીય નૃત્યની તાલીમ લે છે ત્યારે તેને આ પ્રકારના શ્લોકો શીખવવામાં આવે છે અને બાળક આ શ્લોકોના સહારે જ ખૂબ જ સરીરીતે બાબતોને સમજી અને પોતાના માં આ મૂલ્યોનો વિકસાવવા પ્રયત્નશીલ બને છે. શાસ્ત્રીય નૃત્ય પ્રશિક્ષકો વડે જ્યારે આ બાબતોને સમજાવવામાં આવે છે ત્યારે તેઓ વિવિધ દ્રશ્ય કે શ્રાવ્ય મધ્યમોનો ઉપયોગ કરે છે જે નથી બાળક માં ગ્રહનશક્તિનો પણ વિકાસ થાય છે.

ઉપરાંત, નાટ્યશાસ્ત્રના 24 માં અધ્યાયમાં દર્શાવેલ નાયકભેદને સમજાવવામાં આવ્યું છે, જેમાં નાયકના વિવિધ પ્રકારોની ચર્ચાની સાથે નાયકનાં મૂળભૂત લક્ષણો વિષે ની સમજૂતી આપેલ છે.

નાયક ત્યાગી, કુલીનતા, બુદ્ધિમાન, યુવા, ઉત્સાહી, દક્ષ, પ્રજાનુરાગી, તેજસ્વી, ચતુર અને શીલવાન પ્રકૃતિવાળો દર્શાવવામાં આવ્યો છે. અને તેમ નાયકના આઠ પ્રકારના સાત્વિક ગુણની ચર્ચા કરવામાં આવી છે.

1. શોભા: શૂરતા, ચાતુર્ય, સત્ય, અસીમ ઉત્સાહ, અનુરાગથી યુક્ત અને નીચથી ઘૃણા અને ઉચ્ચથી સ્પર્ધા ઉત્પન્ન કરવાવાળા અંતઃકરણના ધર્મને શોભા કહે છે. નાયકના આ લક્ષણને સમજી બાળકમાં વીરતા ઉત્સાહ તેમજ ચતુરાઈનો ગુણ વિકાસ પામે છે.

2. વિલાસ: નાયકનું ધીરજ માન દ્રષ્ટિથી જોવું સિંહ સમાન ગંભીર ગતિનું ચલન, મંદસ્મિત સાથેની વાતચીત કરવાની રીત વગેરેને વિલાસ કહે છે. નાયકના આ લક્ષણને સમજ્યા બાદ બાળકમાં એકાગ્રતાના ગુણોનો વિકાસ થાય છે, જે બાળક કોઈ પણ પરિસ્થિતિને ખુબ સરળતાથી અને ઊંડાણપૂર્વક સમજવા સક્ષમ બને છે.

3. માધુર્ય: વ્યાકુળતાથી ભરેલી પરિસ્થિતિ ઉત્પન્ન થવા છતાં પણ મનમાં ગભરાટ આવવા ન દેવું તે માધૂર્ય કહેવાય છે. નાયકના આ લક્ષણની સમજ મેળવ્યા બાદ બાળકમાં આત્મવિશ્વાસની ભાવના કેળવાય છે.

*The Research Analytics* **ISSN (Online): 3107-6165**
**Volume 1, Issue 2, April-June 2025**

4. ગાંભીર્ય: ભય, શોક, ક્રોધ, હર્ષ વગેરેના હોવા છતાં પણ મનથી નિર્વિકાર રહેવું તે ગંભીર્ય કહેવાય છે. નાયકના આ લક્ષણને સમજ્યા બાદ બાળકમાં વિપરીત પરિસ્થિતિમાં પણ કેવી રીતે સમતુલા જાળવવી તેની સમજ કેળવાય છે.
5. ધૈર્ય: ભયંકર વિધ્ન આવવા છતાં પણ દ્રઢતાપૂર્વક પોતાનું કાર્ય સિદ્ધ કરવું તે ધૈર્ય કહેવાય છે. નાયકના આ ગુણને સમજી બાળકમાં ધીરતાનો ગુણ વિકસે છે.
6. તેજ: વિરોધીઓ દ્વારા કરવામાં આવેલા અપમાનને સહન ન કરવું તે તેજ કહેવાય છે.
7. લાલિત્ય: બોલ-ચાલ, વેશભૂષા અને શૃંગારની ચેષ્ટાઓમાં સ્વાભાવિક મધુરતા ધરાવવું તે લલિત્ય કહેવાય છે. નાયકના આ ગુણને સમજ્યા બાદ બાળકમાં પોતે શીખેલી લલિત કલાઓ તથા અન્ય બાબતોમાં સુંદરતા અને તે વિષયને લગતી ચપડતાઓને કેવી રીતે સમજવી તેનો વિકાસ થાય છે
8. ઔદાર્ય: પ્રિય-ભાષણ પૂર્વક દાન આપનાર અને શત્રુ કે મિત્રને એક જ દૃષ્ટિથી જોવું તે ઔદાર્ય  કહેવાય છે. નાયકના આ લક્ષણને સમજીને બાળકમાં વિનમ્રતાનો વિકાસ થાય છે.

આ જ રીતે જ્યારે નાયિકા ભેદની સમજ આપવામાં આવે છે ત્યારે નાયિકાના ગુણો જેમ કે ગુણશીલતા ચતુર્ય પ્રેમ, કુલભૂષણ, કૃતજ્ઞતા, પાંડિત્ય, ઉત્સાહ, તેજ વગેરે જેવા ગુણોનો સમાવેશ કરી લેવામાં આવે છે. જે બાળકના આંતરિક મૂલ્યોનો વિકાસ કરે છે.

બાળકના જીવનમાં નેતૃત્વની ગુણવત્તા માર્ગદર્શક મૂલ્યો તથા શૈક્ષણિક ગુણના વિકાસમાં આ તમામ મુદ્દાઓ ખૂબ જ અગત્યના હોય છે. જેની મદદથી બાળકના સમગ્ર વર્તણુક તથા સમગ્ર જીવન પર ખૂબ જ ઊંડાણપૂર્વકની છાપ ઊભી થાય છે. શાસ્ત્રીયનૃત્ય પ્રશિક્ષણ સમયે આવી ઘણી જ બધી બાબતોનો સમાવેશ શિક્ષણના વિવિધ ભાષાઓમાં કરવામાં આવે છે. જેની મદદથી બાળક માત્ર પોતાની સંસ્કૃતિની ધરોહર એવા પોતાના સાંસ્કૃતિક વારસાને જ નહીં પરંતુ એ વારસાની સમજ દ્વારા પોતાના આંતરિક મૂલ્યોના વિકાસ કરવા સક્ષમ બને છે અને પરિણામે એક સજજન માનવીનું સર્જન થાય છે.

- **પદ્ધતિશાસ્ત્ર**
  - **અભ્યાસનો પ્રકાર: ગુણાત્મકઅભ્યાસ અને પરિમાણાત્મકઅભ્યાસ**
  - **નમૂના: 8 થી 16 વર્ષના શાસ્ત્રીય નૃત્ય શીખનાર વિદ્યાર્થીઓ**
  - **માહિતી સંગ્રહ કરવાની પદ્ધતિ : પ્રશ્નાવલી બનાવી માહિતી એકઠી કરવી.**
  - **વાલીઓ, વિવિધ નૃત્ય શિક્ષકો તથા વિવિધ શાસ્ત્રીય નૃત્ય પ્રશિક્ષણ શાળાઓના અનુભવો અને મંતવ્યો**
- શાસ્ત્રીય નૃત્ય શિક્ષકો તથા વિધ્યાર્થીઓના વાલીઓના મંતવ્યો

  1. "હું મારા બાળકોને નિયમિત કક્ષાઓમાં વિવિધ રમતો રમાડું છું. જેમાં વિવિધ મુદ્રાઓને લગતા પ્રશ્નો, શારીરિક વ્યાયામ અને કેટલાક આધ્યાત્મિક પાત્રો ને લગતા કોયડા નો સમાવેશ કરું છું. મારા વિધ્યાર્થીઓમાં હું સમજણ શક્તિનો એકંદરે વધારો જોઈ શકું છું." – શાસ્ત્રીયનૃત્ય શિક્ષક : કિંજલબેન (સુરેન્દ્રનગર)

*The Research Analytics* **ISSN (Online): 3107-6165**
**Volume 1, Issue 2, April-June 2025**

2. "મારું બાળક છેલ્લા 2 વર્ષથી નૃત્ય ભરતનાટ્યમની તાલીમ લઈ રહ્યું છે, હું જોઈ શકું છું કે છેલ્લા કેટલાક સમયથી તેની ક્રિયાશીલતા અને આત્મા વિશ્વાસમાં વધારો જોવા મળ્યો છે." – વાલી : જિગનાબેન (કચ્છ)

3. "મારા બાળકે ધોરણ 10ની પરીક્ષા હાલમાં જ આપી. સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમિયાન તેણીએ ભરતનાટ્યમ નૃત્યનો અભ્યાસ પણ ભણતરની સાથે ચાલુ જ રાખ્યો. મને જોવા મળ્યું કે તેણીના નૃત્ય કક્ષાઓના લીધે તેણીની ભણવા ની બાબતોમાં પણ એકાગ્રતામાં વધારો થયો અને પરિણામે સમગ્ર વર્ષનું પરિણામ A1 ગ્રેડ આવ્યું." – વાલી : મિહિરભાઈ (જુનાગઢ)

4."હું મારા નૃત્ય કક્ષાઓમાં બાળકોને ગણિત સાથે નૃત્યને જોડી તાલની માહિતી સમજાવવાનો પ્રયત્ન કરું છું જેના પરિણામે બાળકો સમગ્ર તાલની માત્રાઓને સરળતાથી સમજી શકે છે અને પરિણામે ટૂંક સમયમાં વધુ સારીરીતે સમજ કેળવે છે. " - શાસ્ત્રીયનૃત્ય શિક્ષક : બાગેશ્રીબેન (ગાંધીધામ)

5. "હું મારા બાળકોને પાંચ તંત્રની વાર્તાઓ વિવિધ મુદ્રાઓ અને વિવિધ શારીરિક ક્રિયાઓના ઉપયોગથી કહું છું જેથી બાળકો વર્તન હાર્ડ ને સમજે અને સાથે સાથે તેઓ શારીરિક રીતે પણ કેળવાય ઉપરાંત તેઓમાં યાદ શક્તિ અને માર્ગદર્શક ગુણોનો વિકાસ થાય છે." – શાસ્ત્રીયનૃત્ય શિક્ષક : સુમનબેન (મોરબી)

6. "મારી શાળામાં શાસ્ત્રીયનૃત્યના અભ્યાસક્રમની ઉમેરણી બાદ બાળકોના ભણતરમાં એકાગ્રતા અને શિસ્તપાલનની બાબતોમાં સકારાત્મક ફેરફાર થતો જોઈ શકું છું. અને એવું કહીશ કે જો લલીત કલાઓને ભણતર સાથે જોડી દેવામાં આવે તો બાળકના સર્વાંગીણ વિકાસને પાયામાંથી ઉજાગર કરવા ખૂબ મદદ મળી શકે એમ છે." – શાળાના આચાર્ય (અંજાર)

➢ અવલોકન

1. " વિધ્યાર્થીની નૃત્ય કક્ષમાં પોતાની રીતે જ સમયથી વહેલા આવી કક્ષા શરૂ થાય તે પહેલા વ્યાયામ કરે છે અને અન્ય બાળકો પણ તેણીની આ રીતને જોઈને તેની સાથે સ્વેચ્છાએ જ જોડાય છે. " – નાટ્યાલય (નૃત્ય સંસ્થા)

2. "બધી વિધ્યાર્થીનીઓ પૈકી કોઈ એક વિધ્યાર્થીનીને વ્યવસ્થિત શ્લોકોનું વ્યવસ્થિત ઉચ્ચારણ કરતાં આવડે છે તો તે બાકી વિધ્યાર્થીનીઓને પણ તે શીખવામાં ધીરજ પૂર્વક મદદરૂપ બને છે." – જિનિયસ હોબી ક્લાસ

3. " વિધ્યાર્થીનીઓ કક્ષામાં શીખવવામાં આવેલા મુદ્દાઓનું પુનરાવર્તન એકબીજાની સાથે મળીને ખૂબ એકાગ્રતા પૂર્વક કરે છે. – નાટ્યાલય (નૃત્ય સંસ્થા)

4. "જૂથમાં જો કોઈ એક વિધ્યાર્થી કોઈ એક મુદ્દાને યાદ રાખવામાં કે શીખવામાં નિષ્ક્રિય કે ઓછી આવડત ધરાવતું હોય તો બાકીના વિધ્યાર્થીઓ તરત મદદ કરી આપે છે." - નૃત્ય સંસ્થા

➢ પરિણામ

- બાળકમાં નેતૃત્વનો ગુણ વિકાસ પામે છે.
- બાળકમાં આત્મા વિશ્વાસ કેળવાય છે.
- બાળક ધીરાજપૂર્વક નિર્ણય લેતા શીખે છે.

*The Research Analytics* ISSN (Online): 3107-6165
Volume 1, Issue 2, April-June 2025

- બાળકની એકાગ્રતામાં વધારો થાય છે.
- બાળકમાં માર્ગદર્શક મૂલ્યોનો વિકાસ થાય છે.
- બાળક અન્ય બાળક સામે સહાનુભૂતિની ભાવના રાખી શકવા સક્ષમ બને છે.
- બાળક પોતામાં જવાબદારીના ગુણનો વિકાસ કરવા સફળ બને છે.

➢ ચર્ચા

આ સંશોધનથી જાણવા મળ્યું કે શાસ્ત્રીય નૃત્ય દ્વારા બાળકોમાં નેતૃત્વ, પીઅર માર્ગદર્શન અને શૈક્ષણિક પરિવર્તનની પ્રક્રિયા સ્વાભાવિક રીતે વિકસે છે.

1. નેતૃત્વ ગુણો: વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, પોતે આગેવાની લેવાની હિંમત અને સભાની જવાબદારી સંભાળવાની ક્ષમતા જોવા મળે છે. વરણી જેવા સોલો પરફોર્મ કરવાથી તેઓમાં પ્રેરણા અને જવાબદારીની ભાવના ઊભી થાય છે.

2. પીઅર માર્ગદર્શન: જૂનિયર વિદ્યાર્થીઓને મદદરૂપ થવામાં સિનીયરો સ્વયંભૂપણે આગળ આવે છે. તાલીમ દરમ્યાન એડવુ, અથવાં અભિનયમાં સુધારા માટે માર્ગદર્શન આપે છે. આ પ્રક્રિયામાં તેમની માહિતી ઊંડે જાય છે અને સહાનુભૂતિ વિકસે છે.

3. શૈક્ષણિક પરિવર્તન: માતા-પિતા અને શિક્ષકોના મતે, નૃત્ય શરૂ કર્યા બાદ બાળકોનું એકાગ્રચિંતન, અભિવ્યક્તિ અને શિસ્તમાં સુધારો જોવા મળ્યો. કેટલાક વિદ્યાર્થીઓએ ગણિત અને ભાષાના અભ્યાસમાં પણ તાલમેલ અને રચનાત્મકતા જોવા આપી.

➢ ભલામણો અને ઉપાયો

- શાળાઓ અથવા બાળને ઈત્તર પ્રવૃતિઓ તરીકે શાસ્ત્રીય નૃત્યને બાળકના જીવનમાં સ્થાન આપવું.
- શાસ્ત્રીય નૃત્યને એક ચીકીત્સાની જેમ બાળકના જીવનમાં વણવી જેથી તેનામાં જ્ઞાત અને અજ્ઞાત બાબતોનો વિકાસ સરીરીતે થઈ શકે.
- વિવિધ શાળાઓમાં શાસ્ત્રીયનૃત્યને શૈક્ષણિક અભ્યાસક્રમમાં ઉમેરવું
- વધુ વિશ્લેષણાત્મક સંશોધન અને લાંબા ગાળાના અભ્યાસો માટે પ્રોત્સાહન

➢ નિષ્કર્ષ

આ સંશોધન સાબિત કરે છે કે શાસ્ત્રીય નૃત્ય માત્ર શારીરિક કૌશલ્ય નહીં પરંતુ આત્મવિશ્વાસ, નેતૃત્વ, સહકાર અને શૈક્ષણિક સમજણનું પણ ઊંડાણપૂર્વક વિકાસ કરે છે. આ અભ્યાસ મુજબ, શાળાઓએ શાસ્ત્રીય નૃત્યને વૈકલ્પિક વિધા નહીં પરંતુ શૈક્ષણિક સાધન તરીકે અપનાવવું જોઈએ.

**સંદર્ભો**

1) Srinivasan, A. (2015). Tradition and Transition: A Study on Bharatanatyam Pedagogy. Kalakshetra Publications.
2) Chatterjea, A. (2004). Butting Out: Reading Resistive Choreographies through Works of Postcolonial Feminist Performance. Wesleyan University Press.
3) Banerjee, S. (2019). “Leadership Qualities in Adolescent Learners Through Performing Arts,” Indian Journal of Educational Research, Vol. 8, No. 2, pp. 72-80. Subramaniam, L. (2012). Bharatanatyam: A Reader. Oxford University Press. 8. Sharma, K. (2021). “Mentorship through Dance: A Qualitative Study among Classical Dance Students,” Asian Journal of Arts and Education, Vol. 9, Issue 3.

*The Research Analytics* ISSN (Online): 3107-6165
Volume 1, Issue 2, April-June 2025

4) Natyalaya School of Classical Dance (2024). Internal Interviews and Observations. Unpublished Institutional Research Report.
5) **Nāṭyaśāstra by Bharata Muni**
6) **Abhinaya Darpanam by Nandikeshwara**
7) **"Bharata Natyam – A Reader" by Davesh Soneji**
8) **"Bharatanatyam: A Contemporary View" by Sunil Kothari**
9) **"The Mirror of Gesture: Being the Abhinaya Darpanam" translated by Ananda Coomaraswamy and Gopala Kristnayya Duggirala**
10) **"Natya Sastra and the Body in Performance" by S. Ghosh**
11) **"Dance Dialects of India" by Dr. Ragini Devi**
12) **"The Science of Bharatanatyam" by S. Jayalakshmi**
13) **"Essays on Indian Classical Dance" by Kapila Vatsyayan**
https://epgp.inflibnet.ac.in/epgpdata/uploads/epgp_content/S000451PA/P001530/M017806/ET/1481187571P4M19TEXT.pdf